**DATE: 17/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરના ભાટવાડ ખાતે જુગાર રમતા ત્રણ જુગારી ઝડપાયા

અંકલેશ્વર, તા. ૧૬

**અંકલેશ્વરના ભાટવાડ ખાતે જુગાર રમતા ત્રણ જુગારીઓને પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી કુલ રૂ.૪૬૨૦ જેટલી રોકડ જપ્ત કરી હતી.**

## પોલીસે એક જુગારી ફરાર થતાં વોન્ટેડ જાહેર કર્યો

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે અંકલેશ્વર શહેર ભાટવાડમાં ભાથીજી મંદીર પાસે બાતમીના આધારે પોલીસે રેઈડ કરતા ત્રણ જુગારીઓ ઝડપાઈ ગયા હતા જ્યારે એક જુગારી નાસી છુટ્યો હતો. પોલીસે અંગઝડતીના રોકડા રૂ.૩૩૩૦ તેમજ દાવ ઉપરના રૂ.૧૨૫૦ મળી કુલ રોકડા રૂ.૪૬૨૦ની રોકડ જપ્ત કરી હતી અને અજય સોમા વસાવા,સોકત ઉર્ફે બાબા ગુલામ હુસેન શેખ,તુફેલ સલીમ મલેકની ધડપકડ કરી હતી. જયારે ઉંમર ફારૂક ફરાર થઇ જતા તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 17/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મામલો ગરમાતાં માથામાં સળિયો માર્યો: પોલીસ ફરિયાદ

# જીતાલી ગામે પેસેન્જરને બેસાડવા મુદ્દે રિક્ષા ચાલકે બીજાને ચપ્પુ માર્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના જીતાલી ગામ ખાતે રહેતા અને રિક્ષા ચાલક મોહસીન મોહમદ શેખ ગત રોજ પ્રતિન ચોકડી પર જીઆઈડીસી તરફ જતા માર્ગ ડીલક્ષ પાન સેન્ટર ની દુકાન સામે રિક્ષા લઈ પેસેન્જર લેવા માટે ઉભા હતા. તે વખતે તેમની રિક્ષા બાજુ માં અશરફ પણ પોતાની રિક્ષા લઈ ઉભો હતો. દરમિયાન મોહસીન શેખ રિક્ષા મુસાફરો બેસાડી રહ્યા હતા. તે દરમિયાન અશરફ પણ મુસાફર બેસાડવાના મુદ્દે તકરાર કરી હતી જે મુદ્દે મોહસીન શેખ હું મારી રીતે રીક્ષા મુસાફરો બેસાડી તેમજ કહેતા અશરફ ઉશ્કેરાઈ ગયો હતો.અભદ્ર ગાળો બોલી રીક્ષા માં સંતાડેલું ચપ્પુ કાઢી લાવીને મોહસીન શેખ ને પેટમાં મારતા અછડતું વાગી ગયું હતું. જે બાદ અશરફ ત્યાંથી ચાલી નીકળ્યો હતો અને થોડી વાર માં અન્ય એક ઈસમ ને લઈ આવ્યો હતો. અને પુનઃ મોહસીન શેખ જોડે ઝઘડો કરી ગાળો આપી ઢીકાપાટુનો માર મારી લોખંડ સળીયો માથામાં મારી ગંભીર રીતે ઈજા કરી ફરાર થઈ ગયા હતા. ઘવાયેલા મોહસીન શેખ એ આ અંગે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્વરિત અસર થી ગુનો નોંધી હુમલાખોર રીક્ષા ચાલાક અશરફ યુસુફ મલાડાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 18/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# રૂંધા ગામે ખેતરમાં સંતાડેલો દારૂ ઝડપાયો

ભરૂચ । વાલિયા તાલુકામાં આવેલાં રૂંધા ગામે રહેતા અજય ઉર્ફે પોણીયો જીવન વસાવાએ ગામની સીમમાં બસ સ્ટેન્ડ પાસે ગામમા જવાના રસ્તાની સાઈડમાં આંબાના ઝાડવાળા ખેતરમાં ઘાંસના કુંડવામાં વિદેશીદારૂ સંતાડ્યો હોવાની બાતમી વાલિયા પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી ત્યાંથી વિદેશીદારૂ તેમજ બિયરનાટીન મળી કુલ 7 હજારની મત્તાનો સંતાડેલો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બૂટલેગર અજય ઉર્ફે પોણીયાને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે

**DATE: 18/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વરના સારંગપુર ગામના બૂટલેગરની ધરપકડ

અંકલેશ્વર : અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી. કે સારંગપુર ગામની નવી નગરીમાં રહેતો નિલેશ રમેશ વસાવા પોતાના ઘરે વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખે છે GIDC પોલીસે સારંગપુર ગામની નવી નગરીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરની કરી ધરપકડ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી. કે સારંગપુર ગામની નવી નગરીમાં રહેતો નિલેશ રમેશ વસાવા પોતાના ઘરે વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખે છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂ અને બિયરની ૧૪ નંગ બોટલ સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો.

**DATE: 18/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### રિક્ષા, મોબાઈલ અને રોકડા મળી રૂા.૭૫ હજારનો મુદ્દામાલ જપ્ત

# સિનિયર સિટીઝન પાસેથી રોકડની ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

। ભરૂચ ।

ભરૂચ એ.ડીવીઝન પોલીસે સિનિયર સીટીઝન પાસેથી રૂપિયાની ચોરી કરનારી ત્રણ શખ્સોની ગેંગને ઝડપી પાડી છે. ૧૫ મી ફેબ્રુઆરીએ શંકર મંગળદાસ મહેતા નામના વૃદ્ધ સિવિલ હોસ્પિટલ બહાર રિક્ષાની રાહ જોઈ રહ્યા હતા ત્યારે એક રિક્ષા ચાલકે તેમને બેસાડયા હતા. રીક્ષામાં પહેલીથી બે શખ્સો બેઠેલા હતા જેમણે વૃદ્ધના ખિસ્સામાંથી ૧૫ હજાર રૂપિયા ચોરી કર્યા હતા.

પોલીસે વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત સ્માર્ટ કેમેરાની મદદથી રિક્ષાનો નંબર શોધી કાઢયો હતો. પેટ્રોલીંગ દરમ્યાન શહેરની નવી વસાહત ખોડિયાર માતાના મંદિર પાસેથી આ રીક્ષા મળી આવી હતી. પોલીસ તપાસમાં સુરત માંગરોલના કાદર અબ્દુલભાઈ શેખ, અંકલેશ્વર સુરતી ભાગોળના મકસુદ યાકુબભાઈ પટેલ અને ભરૂચ શેરપુરાના રિઝવાન



અબ્દુલવહાબ ખલીફાની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપીઓ પાસેથી ૫૦ હજારની કિંમતની રીક્ષા, ત્રણ મોબાઈલ ફોન જેની કિંમત ૧૦,૫૦૦ રૂપિયા અને રોકડા ૧૫,૧૦૦ રૂપિયા મળી કુલ ૭૫૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓએ પોલીસ પુછપરછમાં ગુનાની કબુલાત કરી લીધી છે અને પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### પોલીસે સ્માર્ટ કેમેરાની મદદથી રિક્ષા નંબર શોધ્યો

**DATE: 18/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### વાગરા પોલીસે બે સ્થળોએથી શંકાસ્પદ લોખંડનો મુદ્દામાલ ઝડપ્યો

# રૂ.૪૭હજારના શંકાસ્પદ લોખંડના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ

### બિનવારસી રૂ.૩૭ હજારનો મુદ્દામાલ મળી અન્ય મુદ્દામાલ કબ્જે કરાયો

| વાગરા |

વાગરા પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન બે અલગ અલગ સ્થળોએથી શંકાસ્પદ લોખંડનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. જેમાં ભેરસમ નજીકથી ૪૭૦૦૦ ના મુદ્દામાલ સાથે એક ઈસમની અટકાયત કરી હતી જ્યારે બીજા કેસમાં વિલાયત નજીકથી ૩૭૫૦૦ નો બિનવારસી લોખંડનો મુદ્દામાલ મળી આવ્યો હતો વાગરા પોલીસે બંને મુદ્દામાલ કબ્જે લઈ આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

વાગરા પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તેમજ વાગરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એસ.ડી. ફુલતરિયા નાઓની સુચના અન્વયે વાગરા પોલીસ સ્ટાફના માણસો ખાનગી વાહનમાં વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા જે દરમ્યાન ભેરસમ જીઆઈડીસી માર્ગ પર આવેલ આલ્કલાઈન કંપની નજીક મોટરસાયકલ લોરી (રેકડી) માં શંકાસ્પદ લોખંડનો મુદ્દામાલ જણાય આવ્યો હતો. જેથી પોલીસે મોટરસાયકલ ચાલક પાસે જરૂરી



આધાર પુરાવા માંગતા તે રજુ કરી શકયો ન હતો. જેથી પોલીસે મોટરસાયકલ નંબર જીજે ૧૬, એએમ-૬૯૦૫ જેની કિંમત રૂા.૧૫૦૦૦ તેમજ ૬૦૦ કિલોગ્રામ લોખંડનો મુદ્દામાલ જેની આશરે કિંમત રૂા.૨૭૦૦૦ તથા ૫૦૦૦ નો મોબાઈલ મળી કુલ ૪૭૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ મુળ હરિયાણાનો અને હાલ ભરૂચ તાલુકાના કાસદ ગામે રહેતો તસ્લીમુદ્દીન ઉર્ફે તસ્લિમખાન નામના ઈસમની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જયારે બીજા કેસમાં વાગરા પોલીસ સ્ટાફ મિલ્કત સંબંધી તેમજ ચોરીના ગુનાઓ શોધી કાઢવા વિલાયત જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હાજર હતા તે દરમ્યાન વિલાયત ગામ તરફ જવાના માર્ગની બાજુમાં જીજે-૧૬, આર-૫૬૮૨ નંબરની એક ત્રણ વ્હિલ (લોરી રેકડી) મોટર સાયકલમાં શંકાસ્પદ લોખંડની નાની મોટી ચેનલના ટૂકડાઓ ભરેલા હતા. આજુબાજુમાં તપાસ કરી જોતા ત્યાં કોઈપણ વ્યકિત હાજર મળી આવ્યુ ન હતુ અને શંકાસ્પદ લોખંડનો મુદ્દામાલ ભરેલ મોટરસાયકલ બિનવારસી જણાય આવતા પોલીસે ૧૫૦૦૦ ની કિંમતની મોટર સાયકલ, ૨૨,૫૦૦ ની કિંમતનો ૫૦૦ કિલોગ્રામ લોખંડની ચેનલોના ટૂકડાઓનો મુદ્દામાલ મળી કુલ ૩૭૫૦૦ નો બિનવારસી મુદ્દામાલ મળી આવતા પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે લઈ આગળની વધુ તપાસ હાથ ધરી હતી. આમ બે અલગ અલગ કેસમાં પોલીસે કુલ ૮૪૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**DATE: 19/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરના જીતાલી ગામે જુગાર રમતા ચાર શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા. ૧૮

અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામે જુગાર રમતા ચાર જુગારીઓને તાલુકા પોલીસે ઝડપી પાડ્યા હતા. તેઓ પાસેથી પોલીસે કુલ રૂ. ૩૩૪૦ જેટલી રોકડ જપ્ત કરી હતી.

અંકલેશ્વર તાલુકા પોલીસની ટીમ દઢાલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે જીતાલી ગામે ટેકરી ફળી યામાં મહાદેવ મંદીરની દિવાલ પાસે રોડ ઉપર ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તાપાનાનો પૈસા વડે હારજીતનો જુગાર સ્મી રમાડી રહ્યા છે જેવી બાતમીના આધારે રેઈડ કરતા ત્રણ જુગારીઓ ઝડપાય જવા પામ્યા હતા.પોલીસે અંગ ઝડતીના રોકડા રૂ.૩૫૨૦ તથા દાવ પરના રોકડા રૂ.૨૨૦ મળી કુલ રૂ. ૩૩૪૦ની રોકડ જપ્ત કરી હતી.પોલીસે મહેશ ભયજ ઉર્ફે ભાઈલાલ વસાવા,દિપક ચંદુ વસાવા,મોહન ગંગા મંડલ,મૃત્યુંજય સિંગની જુગારધારા અંતર્ગત અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 19/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### હાંસોટ પોલીસનું દીલધડક ઓપરેશન

# વમલેશ્વર દરિયાકિનારેથી ૧૭.૫૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડયો

## એક બૂટલેગરની ઘરપકડ, કાર અને બે બાઈક જપ્ત

**। હાંસોટ ।**

ઘણા સમય થી હાંસોટ પોલીસ ને દરિયા કિનારે ના ગામોમાં વિદેશી દારૂ ઉતારી કટીંગ ચાલતુ હોવાની માહિતી બાદ છેલ્લા એક મહિનાથી હાંસોટ પોલીસ વોચ કરી રહી હતી. દરમિયાન આ વખતે સફળતા મળતાં પોલીસે રૂા.૧૭.૫૦ લાખનો વિદેશી દારૂ સાથે એક બૂટલેગરને ઝડપી પાડ્યો હતો. જેમાં વમલેશ્વર ગામના લોકોનો પણ મોટો ફાળો હતો.

હાંસોટ પોલીસ ને બાતમી મળતા મોડી રાત્રે હાંસોટ તાલુકાના વમલેશ્વર ગામે હાંસોટ પોલીસ સ્ટેશન ના પી. આઈ. એલ. કે. લાકોડ પોલીસ સ્ટાફ સાથે પહોંચતા એક ફોરવહીલર દારૂ ભરેલી સામે મળતા તેનો પીછો કરતાં ડ્રાઈવર ગાડી મુકી ભાગી ગયેલ હતો, જ્યારે અન્ય એક ફોરવહીલર અને બે બાઈક પણ હતી. પોલીસના હાથે એક બુટલેગર ઝડપાઈ જવા પામ્યા હતાં. જ્યારે વધુ તપાસ કરતાં દરિયા કિનારે તવ્વરના જંગલમાં સંતાડેલો ૨૧૫ પેટી જેટલો આશરે રૂા.૧૨. ૫૦ લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બે કાર તથા બે બાઈક મુદ્દામાલ મળી કુલ ૧૭.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

DATE: 20/02/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-04

### અંકલેશ્વરના સિગ્નેચર ગેલેરિયા શોપિંગ સેન્ટરમાં

# બે યુવાનને માર મારનાર ૪ સગીર સહિત સાત આરોપીની ધરપકડ

અંકલેશ્વર તા.૧૯

તાજેતરમાં સિગ્નેચર ગેલેરીયા શોપિંગ સેન્ટરમાં બે યુવાનોને માર મરાતો હોવાનો વિડીયો વાયરલ થવાના મામલે પોલીસે ચાર સગીર સહિત કુલ સાત આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બનાવ અંગે વિડીયો વાયર થતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી

અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ નજીક સિગ્નેચર ગેલેરીયા શોપિંગ સેન્ટરમાં ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ સાંજે બે યુવાનોને ટોળા દ્વારા માર મારતો હોવાનો વિડીયો વાયરલ થયો હતો.આ અંગે ડી માર્ટ નજીક આવેલા રામદેવ નગરમાં રહેતા ભૂમિત સોલંકીએ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જેમાં તે અને તેનો મિત્ર પરેશ શોપીંગ સેન્ટર ખાતેથી પસાર થઈ રહ્યા હતા.તે દરમિયાન કેટલાક ઈસમો કેક એક બીજા પર નાખી રમી રહ્યા હતા.આ દરમિયાન કેક ભૂમિત પર પડતા તેણે આ બાબતે ઠપકો આપતા ૭ જેટલા ઈસમોએ તેને અને તેના મિત્રને ઢોર માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે અંસાર માર્કેટમાં રહેતા અરમાન એહમદ કુરેશી, સોનુ અલી મોહરમ અલી ઈબ્રાહિમ અલી ચૌધરી અને અરબાજ ખાન હારુન ખાન હલીમ ખાન તેમજ સગીર વયના અન્ય ૪ બાળકોની અટકાયત કરી તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 20/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### જુના છાપરાના પાટિયા પાસેથી

# અંકલેશ્વરનો રીઢો બૂટલેગર સાગરીત સાથે ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૯

અંકલેશ્વર તાલુકાના જુના છાપરા પાટિયા પાસે દારૂના જથ્થાની ડિલિવરી કરવા આવેલ બે ઈસમો ઝડપાયા બાદ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે અંકલેશ્વરના કુખ્યાત બુટલેગર સહિત બે વોન્ટેડ આરોપીઓની અટકાયત કરી હતી.

અંકલેશ્વર તાલુકા ના જુના છાપરા પાટિયા પાસે ગતરોજ રિક્ષામાં દારૂનો જથ્થો આપવા ગયેલા ભરત ગૌતમ નાગમલ તથા મહેશ બળવંત મકવાણા નામના બે ખેપિયાઓને બી ડિવિઝન પોલીસે ઈંગ્લીશ દારૂનો જથ્થો ૭૫૦ મી.લી.ની બોટલ નંગ.૩ તથા ૧૮૦ મી.લી.ની બોટલ નંગ.૯૦ મળી કુલ ૯૩ બોટલો રૂ.૧૦,૫૦૦ સાથે ઝડપી પાડ્યા હતા. આ સમયે અંકલેશ્વરનો બુટલેગર શાહરુખ પઠાણ તેમજ વાગરાના લખીગામનો પંકજ પટેલ ફરાર થઈ ગયા હતા.આ દરમ્યાન પોલીસે બંને ફરાર આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 20/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પોલીસે રૂા.૩.૮૬ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો

# ભરૂચના જુના તવરા ખાતે દાગીનાની થયેલી ચોરીમાં આરોપીની ધરપકડ

## ઝાડેશ્વર ચોકડી પાસેથી દબોચી લેતાં ચોરીના ગુનાની કબુલાત કરી

। ઝઘડિયા ।

જુના તવરા ખાતે મંદિરની બાજુમાં ઘરમાંથી સોનાના દાગીનાની ચોરી કરનાર આરોપીઓની પોલીસે ધરપકડ કરી કાર્યવાહી કરી છે.

જુના તવરા ગામે તસ્કરોએ ત્રાટકી દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પોલીસને બાતમી મળી હતી કે, ચોરીના ગુનામાં સંડોવાયેલો એક ઈસમ બાઈક લઈને તવરા ગામથી ભરૂચ ઝાડેશ્વર ચોકડી તરફ આવે છે. જેના આધારે વોચમાં રહી બાઈક આવતા બાઈક ચાલકને રોકી તેની પુછપરછ કરતા તેઓએ ચોરીના ગુનાની કબુલાત કરી હતી. દાગીના તેણે આંબીયા નામના ઈસમને વેચાણ આપેલાનું જણાવતા પોલીસે ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ રિકવર કર્યો છે. પોલીસે રૂા.૩.૮૬ લાખનો મુદ્દામાલ રિકવર કરવામાં સફળતા મેળવી છે. આ મામલામાં પોલીસે ચીંતન ગોહીલ રહે.જુના તવરા, આંબીયાઅલી અબ્દુલરહીમ શેખ રહે.આલી ડીગીવાડ, સંજય સોન રહે.રાજલક્ષ્મી બંગ્લોઝ ભરૂચ અને સુમિત ચોકસી રહે. કૃપા સોસાયટી ભરૂચની ધરપકડ કરી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


ઝાડેશ્વર ચોકડી પાસેથી ચોરીના ગુનાના બે આરોપી ઝડપાયા હતા.

**DATE: 20/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

ભરૂચ મોનાપાર્ક સોસાયટીમાં ૪ દિવસ પહેલાં થયેલી

# ચોરીના બનાવમાં રૂા. ૨.૭૪ લાખના મુદ્દામાલ સાથે બે આરોપી ઝડપાયા

## આરોપી મુંબઈમાં શાહરૂખ ખાનના મન્નતમાં પણ પહોંચ્યો હતો

। ભરૂચ ।



ભરૂચ પોલીસે મોના પાર્ક સોસાયટીમાં થયેલી ચોરીના કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી છે. આ પૈકી એક આરોપી એક વર્ષ પહેલા મુંબઈમાં શાહરૂખ ખાનના બંગલા મન્નતમાં ત્રીજા માળ સુધી પહોંચ્યો હતો. મોના પાર્ક સોસાયટીમાં રહેતા નિવૃત્ત આર્મી જવાન સિરાજ મહેતાના ઘરમાંથી ચાર દિવસ પહેલા આઠ તોલા સોના અને ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ ૩.૯૦ લાખની મત્તાની ચોરી થઈ હતી. બી ડિવીઝન પોલીસ મથકના પીઆઈ આર. એમ.વસાવાએ સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

જેમાં તપાસ દરમ્યાન માહિતીના આધારે પોલીસે રામ સ્વરૂપ સુખરાજ કુશવાહા અને મોના પાર્ક સોસાયટીમાં જ રહેતો મિન્હાઝ સિંધાની ધરપકડ કરી છે. પોલીસે પુછતાછ કરતા તેમણે ગુનાની કબુલાત કરતા આરોપીઓ પાસેથી રૂા.૨.૭૪ લાખનો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો છે. આ બંન્ને પુછતાછ દરમ્યાન જાણવા મળ્યુ કે રામ સ્વરૂપ કુશવાહા એક વર્ષ પહેલા મુંબઈના જુહુમાં શાહરૂખ ખાનના બંગલા મન્નતમાં ઘુસ્યો હતો તે ત્યાં ત્રીજા માળ સુધી પહોંચ્યો હતો તેને સફાઈ કર્મચારીઓએ તેને જોઈ લેતા સ્થાનિક પોલીસને સોંપ્યો હતો.

સમગ્ર મામલે ભરૂચ શહેરના ડીવાયએસપી સી.કે.પટેલે જણાવ્યુ હતુ કે, ભરૂચ બાયપાસ ચોકડી ખાતે આવેલી મોના પાર્ક સોસાયટીમાં ચાર દિવસ પહેલા સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપિયાની ચોરી થઈ હતી. જેની ફરિયાદ બી.ડીવીઝન પોલીસ મથકમાં નોંધાઈ હતી જેની તપાસ સ્થાનિક પીઆઈ આર. એમ.વસાવાએ હાથ ધરી હતી. જેમાં તપાસ દરમ્યાન માહિતી સામે આવી હતી કે એ જ સોસાયટીમાં રહેતા મિન્હાઝ સિંધાએ આમોદના રામ સ્વરૂપ કુશવાહા સાથે મળીને ચોરી કરી હોવાની માહિતી આધારે બંને આરોપીઓને ઝડપી પાડયા હતા. પોલીસે તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. બંને આરોપીઓના રિમાન્ડ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે, બંને આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જેમાં રામ સ્વરૂપ કુશવાહાએ એક વર્ષ પહેલા બીજા મિત્ર સાથે એકટર શાહરૂખ ખાનના મકાનમાં ઘુસી ગયો હોવાનું પણ જાણવા મળ્યુ હાલમાં બંને વિરૂધ્ધ તપાસ ચાલી રહી છે.

### શાહરૂખ ખાનના ઘણા બધા ફોટો હોય તે રૂમમાં જ ઊંઘ આવતા સૂઈ ગયા

આરોપીએ જણાવ્યુ હતુ કે, તે શાહરૂખ ખાનનો ફેન્સ હોય તે અને તેનો મિત્ર એક વર્ષ પહેલા જુહુ બાંદ્રામાં આવેલા મન્નત બંગલોઝ ખાતે પહોંચ્યા હતા. જો કે સિક્યુરીટીએ શાહરૂખ ખાન ઘરે નહીં હોવાનું જણાવતા રાત્રીના ૨.૩૦ વાગ્યાના સમયે અંધારામા તેના બંગલા નજીક આવેલા એક ઝાડ પર ચઢીને મન્નતમાં રિપેરીંગ કામગીરી ચાલતી હોય ત્યાં કામ કરવા વાંસ સાથે પાલક બાંધી હોય તેના પર ચઢીને તેઓ ત્રીજા માળ સુધી પહોંચી ગયા હતા. ત્યાં રૂમમાં જ ઉંઘ આવતા સૂઈ ગયા હતા. જો કે સવારે સફાઈ કર્મીઓએ પકડી લીધા હતા. તેઓ માત્ર શાહરૂખ ખાનને જોવા માટે આવ્યા હતા.

**DATE: 21/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

# સનાતન વિદ્યાલયના વિદ્યાર્થીઓએ GIDC પોલીસ મથકની મુલાકાત લીધી

અંકલેશ્વર : અંકલેશ્વરની સનાતન વિદ્યાલયના પુર્વ પ્રાથમિક વિભાગના બાળકોએ જીઆઈડીસી પોલીસ મથકની મુલાકાત લીધી હતી. શાળામાં અભ્યાસ કરતા બાળકો પોલીસ વિભાગની કામગીરીથી માહિતગાર બને તે માટે પુર્વ પ્રાથમિક વિભાગના બાળકોએ જીઆઈડીસી પોલીસ મથકની મુલાકાત લીધી હતી અને પોલીસ મથકમાં કાર્યરત અલગ અલગ વિભાગોની માહિતી મેળવી હતી. જયારે પોલીસ જવાનોએ બાળકોને આવકારી તેઓને કામોની વિગતવાર માહિતી આપી હતી.


જાહેર નો
અરજદાર :
સામાવાળા
આથી
કુલસુમબેન

**DATE: 21/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ- આસપાસના જિલ્લામાં 55 ગુનામાં સંડોવાયેલો બૂટલેગર ઝબ્બે

# ભરૂચમાં ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમ હેઠળ પ્રથમવાર ગુનો નોંધાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચની એલસીબીની ટીમે વિદેશીદારૂની હેરાફેરી કરતાં બે શખ્સોને ઝડપી પાડ્યાં હતાં. જેમાં ભરૂચ અને આસપાસના જિલ્લામાં મારામારી, ચોરી, પ્રોહિબિશન સહિતના 55 જેટલાં ગુનામાં સંડોવાયેલો કુખ્યાત બૂટલેગર જિજ્ઞેશ ઉર્ફે જીગો કીરીટ પરીખ પણ ઝડપાયો હતો. જેના પગલે ટીમે તેની સામે ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. ભરૂચ જિલ્લામાં પ્રથમવાર આ ધારા હેઠળ ગુનો નોંધાયો છે.

ભરૂચ એલસીબીના પીએસઆઈ ડી. એ. તુવર તેમજ તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, અગાઉ અસંખ્ય વખત વિદેશીદારૂ સહિતના ગુનામાં પકડાયેલો લિસ્ટેડ બૂટલેગર જિજ્ઞેશ ઉર્ફે જીગો કિરીટ પરીખ કારમાં વિદેશીદારૂ ભરી અંકલેશ્વરથી નર્મદા મૈયા બ્રિજ થઈ ભરૂચમાં આવે છે. જેથી ટીમે શિતલ સર્કલ પાસે વોચ ગોઠવતાં તેની કાર આવતાં તેને રોકવા ઈશારો કર્યો હતો. જોકે, તે ત્યાંથી ભાગતાં આખરે જ્યોતિનગરથી કોલેજ જવાના રોડ પર આદિત્યનગર સોસાયટી જવાના વળાંક પર તેણે પોતાની કાર ડિવાયડર પર કુદાવી ભાગવા જતાં પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. તેની કાર રોહન ઉર્ફે ઠીન્નો મનહર ઠાકોર ચલાવતો હતો. પોલીસે કારમાંથી કુલ 91 હજારની દારૂની 323 બોટલ તેમજ કાર જપ્ત કરી તેની સામે પ્રોહિબિશન સહીત ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# અંકલેશ્વરમાં બે સ્થળેથી જુગાર રમાડતી મહિલા સહિત આઠ ઝડપાયા

અંકલેશ્વર :અંકલેશ્વર તાલુકા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે દઢાલ ગામની સાગબારા ફાટક નજીક અમરાવતી ખાડી ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા સાથે દઢાલ ગામમાં રહેતો જુગારી ધર્મેશ ઉર્ફે લંબુ શંકર વસાવા,લવઘણ વિજય વસાવા,અમિત ઉર્ફે કાળો અશોક વસાવા,દીપક વસંત વસાવા અને વિજય વસાવા,ઉમેશ વસાવા તેમજ મનીષ વસાવાને ઝડપી પાડ્યો હતો. જયારે આવી જ રીતે પોલીસે જીતાલી ગામની નવી નગરીમાં રહેતી મહિલા પોતાના ઘરપાસે જુગાર રમાડી રહી છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડી જુગાર રમાડતી મહિલાને ઝડપી પાડી હતી. આમ પોલીસે બંને સ્થળોથી ૩ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**DATE: 22/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# હરિનગરમાં દારૂનો વેપલો કરી રહેલું દંપતી ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની ટીમ બોરભાઠા રોડ પર પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે બોર ભાઠા રોડ પર આવેલ હરિનગર ખાતે મકાન નંબર એ-21 માં દરોડા પાડ્યા હતા. જ્યા ઘર માં સર્ચ કરતા અંદર થી 7 બોટલ તેમજ પાઉચ 156 મળી કુલ 163 નંગ દારૂની બોટલ મળી કુલ 20,311 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે મહિલા બુટલેગર ની ધરપકડ બાદ ગણતરી ના સમયમાં પતિની ધરપકડ કરી જેલભેગો કર્યો હતો.

**DATE: 22/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

# નવા દિવા ગામમાં વિદેશી દારૂ ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે "નવા દીવા ગામે શામજી ફળિયા રહેતા રામ ઉર્ફે રામુ મના વસાવાએ પોતાના રહેણાકમાં મોટા પ્રમાણમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો મંગાવી સંતાડી રાખ્યો છે, જેવી બાતમીના આધારે રેઇડ કરતા તેના ઘરના વચ્ચેના રૂમના ખૂણામાં ચાર મીણીયા થેલાઓમાં ઈંગ્લિશ દારૂની 750 મીલીની કાચની કુલ બોટલ નંગ-29 જેની કિં.રૂ.18502 તથા 180 મી.લી.ની કાચની બોટલ નંગ-48 કિં.રૂ.4800 તથા 500 મીલીના બિયર ટીન નંગ-45 જેની કિં.રૂ.5125 મળી કુલ નાની-મોટી બોટલ/ બિયર નંગ-121 મળી કુલ કિં.રૂ.28,927નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બુટલેગર રામ ઉર્ફે રામુ વસાવાને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

DATE: 22/02/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# અદાણી કંપનીમાંથી કોલસાની ચોરી કરનાર પકડાયો



ભરૂચ: દહેજ મરિન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી અદાણી કંપનીમાંથી કોલસાની ચોરી અને ખોટી બિલ્ટી બનાવવાના કેસમાં છેલ્લાં સાત વર્ષથી વોન્ટેંડ આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડના PSI એ.કે.જાડેજાની ટીમે હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીની ભાળ મેળવી હતી. આરોપી નક્ષેદ રામપ્રતાપ સાકેત તેલંગાણાના કરીમનગરના માનાકોન્ડુર તાલુકામાં છુપાયો હોવાની માહિતી મળી હતી. પોલીસ ટીમે તા.19મી ફેબ્રુઆરીના રોજ આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીને ગુજરાત લાવીને વધુ કાર્યવાહી માટે દહેજ મરીન પોલીસ સ્ટેશનને સોંપવામાં વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 23/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે લાલભાઈ બળદેવગીરીને ખેડાના વસો ગામેથી પકડી પાડ્યો

# આદિવાસી સમાજ વિરૂદ્ધ અભદ્ર ટિપ્પણી કરનાર ઝડપાયો

**ટીખળ ભારે પડી**

## વસાવા સમાજની જાન હેલિકોપ્ટરમાં જતાં અભદ્ર ટિપ્પણી કરી હતી



| ભરૂચ |

ઝઘડીયા તાલુકાના ખરચી ગામેથી ભરૂચ તાલુકાના નિકોરા ગામે વસાવા સમાજના લગ્ન પ્રસંગની જાન હેલીકોપ્ટરમાં ગયેલ તે અંગે સોશિયલ મિડીયામાં વાયરલ થયેલ વિડીયો પર આદિવાસી સમાજ વિશે કરેલ અભદ્ર ટીપ્પણીઓ કરનાર આરોપીને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ખેડા જિલ્લાના વસો ગામેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ખરચી ગામના આદિવાસી યુવાન ૧૬ મી ફેબ્રુઆરીના રોજ ખરચી ગામેથી હેલીકોપ્ટરમાં જાન લઈને નિકોરા ગામે લગ્ન કરવા માટે આવ્યો હતો. તેના લગ્ન પ્રસંગના વિડીયો સોશિયલ મીડીયામાં અલગ અલગ પેઝ ઉપર વાયરલ થયો હતો. જેમાં બોલ સે ભરૂચ પુછશે ભરૂચ ના ફેસબુક પેઝ ઉપર વિડીયો પર લાલભાઈ નામના ફેસબુક એકાઉન્ટ ધારક દ્વારા આદિવાસી સમાજ પ્રત્યે જાતિ વિષયક અપ શબ્દોની ટીપ્પણીઓ થયેલ અને આ અભદ્ર ટીપ્પણીઓ વિરૂધ્ધમાં આદિવાસી સમાજમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો હતો. જેને લઈને ગતરોજ ભરૂચ જિલ્લાના આદિવાસી સમાજના લોકોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ ઉગ્ર વિરોધ નોંધાવી ભારે સુત્રોચ્ચાર કરી ટીપ્પણી કરનાર સામે ગુનો નોંધવાની માંગ કરી આવેદનપત્ર આપ્યુ હતુ.

ભરૂચ સાયબર પોલીસ સ્ટેશન ખાતે તાત્કાલીક બી.એન.એસ.તથા એટ્રોસીટી તેમજ આઈ.ટી. એકટની સંલગ્ન કલમો મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો. જે અન્વયે એલસીબી પીઆઈ એમ.પી. વાળા અને પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ.રાઠોડની ટીમે આદિવાસી સમાજના લગ્ન પ્રસંગની હેલીકોપ્ટરમાં જાન લઈ ગયેલા તેનો સોશિયલ મિડીયામાં વાયરલ થયેલા વીડીયો પર અભદ્ર ટીપ્પણી કરનાર નડીયાદ નજીક એક ગામનો છે. જેથી ટેકનીકલ સર્વેલન્સ આધારે ટીમને તાત્કાલીક તપાસમાં મોકલી અભદ્ર ટિપ્પણી કરનાર આરોપી પિયુષગીરી ઉર્ફે લાલભાઈ બળદેવગીરી ગૌસ્વામીને ખેડા જિલ્લાના વસો ગામેથી ઝડપી પાડી તેની પ્રાથમિક પુછપરછ કરતા તેને અભદ્ર ટીપ્પણી કરેલ હોવાની હકીકત જણાવતા તેના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી છે.

**DATE: 23/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ઉકાઇ કેનાલમાં 5000 લીટર પાણી નિકાલ તથા આગના બનાવો બાદ કાર્યવાહી

# અંકલે.માં ભંગારના ગોડાઉનમાં પોલીસનું સર્ચ, મંજૂરી સહિતની બાબતોની ચકાસણી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તથા આસપાસના વિસ્તારમાં હાઈવેને અડી બિલાડીના ટોપની જેમ ફાટી નીકળેલાં ભંગારીયાઓ સામે શનિવારે બપોર બાદ પોલીસે તવાઈ બોલાવી હતી. અંસાર માર્કેટ સહિતના વિસ્તારમાં પોલીસના ધાડેધાડા ઉતરી પડયાં હતાં અને ગોડાઉન ચલાવવા માટે મંજૂરી છે કે નહિ સહિતની બાબતોની તપાસ આદરી હતી.

અંકલેશ્વર અને પાનોલીમાં ઉદ્યોગોની સાથે ભંગારનો વ્યવસાય પણ ઝડપથી વિકસી રહયો છે. નેશનલ હાઈવેને અડીને આવેલાં ભંગારના ગોડાઉનોમાં છાશવારે આગના બનાવો બની રહયાં હતાં. આગના ઓથા હેઠળ ભંગારીયાઓ કેમિકલયુકત કચરો સળગાવતાં હોવાની બૂમો ઉઠી હતી. આ ઉપરાંત થોડા દિવસો પહેલાં બાકરોલ ગામ પાસે ઉકાઈ કેનાલમાં કેમિકલયુકત પાણીનો નિકાલ કરી દેવાયો હતો જેના કારણે 3 લાખથી વધારે લોકોના જીવ જોખમમાં મુકાયાં હતાં. શનિવાર ના બપોર બાદ અંકલેશ્વર અંસાર માર્કેટ, તેની આજુબાજુ માં આવેલ ભંગાર માર્કેટ વિસ્તારમાં સર્ચ શરુ કર્યું હતું. ભંગાર માર્કેટમાં લાયસન્સ વેરિફિકેશન, ભંગારના જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા, ભંગાર માર્કેટ માં રહેતા ઈસમોના આઈડી વેરિફિકેશન, સહિતના મુદ્દે ઓપરેશન ભંગાર માર્કેટ શરુ કર્યું છે. પોલીસની મેગા કોમ્બિંગ ને લઈ બિન અધિકૃત ભંગાર નો વેપલો ચલાવતા ભગરીયા તત્વો માં ફફડાટ ફેલાઈ ગયો હતો. અંકલેશ્વરમાં અંદાજે 5000 હજાર થી વધુ ભંગારના ગોડાઉન,દુકાન સહીત ટ્રેડર્સ આવેલા છે.વિવિધ માર્કેટમાં ભંગાર રાસાયણિક કચરાના નિકાલ સહીત વિવિધ પ્રવૃત્તિ માટે જરૂરી સંબંધિત વિભાગ ની મજૂરી લેવામાં આવી છે કે કેમ તે પણ પોલીસ તપાસ કરી રહી છે. પોલીસની કાર્યવાહીના પગલે ભંગારીયાઓમાં દોડધામ મચી ગઈ છે.

**DATE: 23/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 17મીના અકસ્માતમાં સીસીટીવીથી પગેરૂ મળ્યું

# ઈટકલામાં યુવાનને ટક્કર મારી ભાગેલો ટેમ્પોચાલક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાલિયા પોલીસે ફેટલ અકસ્માતના ગુનામાં નાસતા ફરતાં ટેમ્પોચાલકને પોલીસે ઝડપી પાડયો છે. 17 ફેબ્રુઆરી ના રોજ વાલિયા પોલીસ મથક વિસ્તારમાં સીંગલા-ઈટકલા ગામ વચ્ચે એક અકસ્માત થયો હતો. પોલીસ ઈન્સપેક્ટર એમ.બી. તોમરે આ કેસનો ભેદ ઉકેલવા અલગ-અલગ ટીમો બનાવી હતી. પોલીસ ટીમે વાલિયા-નેત્રંગ રોડ, વાલિયા-વાડી રોડ અને નેત્રંગ-વાડી રોડ પરના વિવિધ સ્થળોના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા.ટેક્નિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે અકસ્માત સર્જનાર આઈસર ટેમ્પોને શોધી કાઢ્યો હતો. ટેમ્પોના નંબરના આધારે માલિકની તપાસ કરતાં આરોપી ચાલક ઈન્દુ ચતુર વસાવાની ધરપકડ કરવામાં આવી. આરોપી નેત્રંગ તાલુકાના ટીમલા ગામના નિશાળ ફળિયાનો રહેવાસી છે. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. યુવાનને ટક્કર મારી ટેમ્પાનો ચાલક ભાગી છુટયો હતો પણ અંતે પોલીસ સકંજામાં આવી ગયો હતો.